# કોંગ્રેસના પૂર્વ પ્રવક્તા જયરાજસિંહ પરમાર મંગળવારે ભાજપમાં જોડાશે

## જયરાજસિંહ સાથે ગાંધીનગરના બે પૂર્વ કોર્પોરેટરો સહિત મોટી સંખ્યામાં સમર્થકો પણ ભાજપમાં જોડાશે

ગાંધીનગર, તા.૨૦

આખરે કોંગ્રેસના પ્રવક્તા તરીકે લાંબા સમય સુધી રહેનારા જયરાજસિંહ પરમારે મંગળવારે સવારે ૧૧ કલાકે કમલમમાં ભાજપમાં જોડાઈ રહ્યા છે તેવું સોશિયલ મિડીયાના માધ્યમથી જણાવ્યું છે. જયરાજસિંહ સાથે ગાંધીનગર કોંગ્રેસમાંથી પણ બે પૂર્વ કોર્પોરેટરો સહિત કેટલાંક અગ્રણીઓ અને સમર્થકો પણ મોટી સંખ્યામાં ભાજપમાં જોડાશે.

જયરાજસિંહ પરમાર ક્ષત્રિય સમાજમાં ઘણો પ્રભાવ ધરાવે છે અને કોંગેસમાં ઉત્તર ગુજરાતનો મોટો ચહેરો ગણાતા હતા. જયરાજસિંહ સાથે ગાંધીનગર કોંગ્રેસના કરણસિંહ પરમાર પ્રમુખ (વોર્ડ નં -૧૦ ગાંધીનગર ), વિજયસિંહ વાઘેલા (ઉપ પ્રમુખ ગાંધીનગર શહેર ), જયદીપસિંહ રાઠોર (સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રવકતા ), બ્રિજરાજસિંહ ગોહિલ (યુવા નેતા



ગાંધીનગર વોર્ડ -૫ કોંગ્રેસ ઉમેદવાર ), કૌશિકસિંહ ચૌહાણ (મહામન્ત્રી અમદાવાદ કોંગ્રેસ ), જયરાજસિંહ વાઘેલા (પૂર્વ કોર્પોરેટર ગાંધીનગર ), રાકેશ પટેલ (પૂર્વ કોર્પોરેટર ), અશ્વિન ગોસ્વામી (મેહસાણા જિલ્લા સોશ્યિલ મીડિયા પ્રમુખ ), પ્રવિણસિંહ વિહોલ (મહામંત્રી મેહસાણા જિલ્લા કોંગ્રેસ ) વગેરે નેતાઓ પણ ભાજપમાં જોડાઈ રહ્યાં હોવાનું જાણવા મળ્યું છે. ભાજપે વિધાનસભાની ચૂંટણી પહેલાં ઉત્તર ગુજરાતના ક્ષત્રિય મતદારો પોતાની તરફ આવે તે માટે માસ્ટર સ્ટ્રોક માર્યો છે. કોંગ્રેસને ઉત્તર ગુજરાતમાં તેના ગઢમાં જ પરાસ્ત કરવા માટે ભાજપે મોટો પ્રહાર કર્યો છે. જયરાજસિંહ આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ તરફથી ખેરાલુ બેઠક ઉપરથી લડી શકે છે તેવી શક્યતાઓ પ્રબળ બની રહી છે.

# મુખ્યમંત્રી દ્વારા ૪૩ કરોડના કામને મંજૂરી

## ગુજરાતમાં હવે પાણીની કોઇ સમસ્યા નહી રહે : રાજ્યની ૩ નપા, ૧ મનપાને પાણી પુરવઠા યોજનાના ૪૨.૭૩ કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી

ગાંધીનગર, તા.૨૦

મહાનગરપાલિકાને પાણી પુરવઠા યોજનાના ૪૨.૭૩ કરોડના કામોને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજયની ૩ નગરપાલિકાઓ અને ૧ મહાનગરપાલિકાને પાણી પુરવઠા યોજનાના ૪૨.૭૩ કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. નલ સે જલ'' અન્વયે વિવિધ ૫૭ નગરપાલિકાઓ માટે અત્યાર સુધીમાં રૂ. ૭૬૬ કરોડ પાણી પુરવઠાના કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવામાં આવ્યા છે.

આગામી ૩૦ વર્ષની વસ્તીની પાણી માટેની જરૂરિયાતના અંદાજોના આધારે રજૂ થયેલી દરખાસ્તોને મુખ્યમંત્રી દ્વારા મંજુરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના નગરોના નાગરિકોને પીવાનું પાણી પર્યાપ્ત માત્રામાં મળી રહે તેવા જનહિત અભિગમથી ૩ નગરપાલિકાઓ અને ૧ મહાનગરપાલિકા માટે કુલ ૪૨.૭૩ કરોડ રૂપિયાના પાણી પુરવઠા યોજનાના કામો માટે એક જ દિવસમાં સિદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ આ નગરોમાં આગામી ૩૦ વર્ષ એટલેકે ૨૦૫૧- ૫૨ ની વસ્તીની પાણી માટેની જરૂરિયાતના અંદાજોના આધારે શહેરી વિકાસ વિભાગે રજૂ કરેલી આ યોજનાઓની દરખાસ્તને સૈધાંતિક મંજૂરી આપી છે.

ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગ મારફતે મળેલી આ નગરપાલિકાઓની વિવિધ પાણી પુરવઠા કામોની દરખાસ્તને મંજૂરી આપતા હવે આ નગરપાલિકાઓમાં ફિલ્ટર પ્લાન્ટ, ભૂગર્ભ સંપ, ગ્રેવીટી મેઈન, રાઈઝિંગ મેઈન, પંપીંગ મશીનરી, પંપ રુમ અને નળ કનેક્શન વગેરે પાણી પુરવઠાના વિવિધ કામો સંબંધિત નગરપાલિકાઓ હાથ ધરશે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મુખ્યમંત્રીએ જે ૩ નગરપાલિકાઓ અને ૧ મહાનગરપાલિકા માટે સમગ્રતયા રૂ. ૪૨.૭૩ કરોડ પાણી પુરવઠા યોજનાના કામો માટે ફાળવવાની મંજૂરી આપી છે. તેમાં ઝાલોદને ૧૪.૧૬ કરોડ, ચલાલા માટે ૩.૪૦ કરોડ, માણસાને ૪.૩૨ અને જુનાગઢ મહાનગરપાલિકાના ઝોન ૩ માટે ૨૦.૮૫ કરોડની રકમનો સમાવેશ થાય છે.

નગરો- મહાનગરોમાં વસતા નાગરિકોને નિયમિત અને પૂરતા પ્રમાણમાં પાણી પુરવઠો મળી રહે તેવી પ્રતિબદ્ધતા સાથે નલ સે જલ અંતર્ગત રાજયની આ ૩ નગરપાલિકાઓ સહિત કુલ ૫૭ નગરપાલિકાઓ માટે અત્યાર સુધીમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંર્તગત ૭૬૬ કરોડ રૂપિયા પાણી પુરવઠાના જુદા જુદા કામો માટે રાજ્ય સરકારે નગરપાલિકાઓ માટે મંજૂર કર્યા છે.

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ૫૧ સ્થળોએ ઉજવાશે ''માતૃભાષા મહોત્સવ''

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સરકારનાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં વિભાગ હેઠળની ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાતનાં ૩૩ જિલ્લાઓમાં ૫૧ સ્થળે, એક સાથે માતૃભાષા વંદનાનાં ૫૧ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતનાં બધાજ જિલ્લાઓમાં આયોજિત થનાર આ 'માતૃભાષા મહોત્સવ'માં માતૃભાષાની વંદના કરતા કવિ સંમેલન, પરિસંવાદ, વ્યાખ્યાન, વાચિકમ્, કાર્યપઠનનું આયોજન કરવામાં આવ્યું છે. એક સાથે ૫૧ સ્થાને યોજનાર આ ઐતિહાસિક કાર્યક્રમમાં ગુજરાતનાં ૨૦૦ જેટલા મૂર્ધન્ય સાહિત્યકારો ૫૧-તાલુકાએ જઈ માતૃભાષાનું મહાત્મ્ય સમજાવશે. અકાદમીનાં અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા આ સમગ્ર કાર્યક્રમની અધ્યક્ષતા કરશે.

રાજયની ૫૧ સાહિત્યિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓમાં આ કાર્યક્રમ યોજાશે, જેમાં કુલપતિઓ, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાશે. અકાદમી દ્વારા યોજનાર આ કાર્યક્રમનાં 'મારા હસ્તાક્ષર, મારી માતૃભાષામાં' અભિયાન પણ યોજાશે. તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ યોજનાર આ કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ ગાંધીનગરમાં 'માતૃભાષા મહોત્સવ'નું ઉદ્ઘાટન મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાની ઉપસ્થિતિમાં થશે તેમ અકાદમીનાં મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.



## ધોળકામાં શ્રીમદ્ ભાગવત કથાનો શુભ આરંભ

ધોળકામાં શ્રીમદ ભાગવત કથાનો શુભ આરંભ થયો છે. ધોળકા નગરમાં આવેલા પંચભાઈની પોળ હોળી ચકલા ખારાકુવા મુકામે શ્રીમદ ભાગવત કથાનો શુભ આરંભ કરવામાં આવ્યો છે. જેના વ્યાસપીઠ પર ગાંધીનગર બ્રહ્મસમાજના યુવા અગ્રણી કલ્પેશભાઈ ચંદ્રકાન્તભાઈ મહેતા પોતાની આગવી શૈલીમાં પઠણ કરાવે છે. કલ્પેશ મહારાજ પોતાની આગવી શૈલીમાં વાંચન કરી સમગ્ર શ્રોતાઓને મુગ્ધ કરે છે.

## સાદરા સંકુલની કન્યા છાત્રાલયની છાત્રાઓએ સોરાબપુરા ગામની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ. એમ.એ. વિભાગના કન્યા છાત્રાલયની છાત્રાઓએ સોરાબપુરા ગામની મુલાકાત લઈ ગ્રામ મહિલાઓને સાક્ષરતા અને વસતિ શિક્ષણની સભાનતા અને કોવિડ-૧૯ માટેની સાવચેતી રાખવાનુ લોકજાગૃતિ અભિયાન હાથ ધર્યુ. વર્ગ શિક્ષણ કાર્ય બાદ છાત્રાઓ પદયાત્રા દ્વારા સોરાબપુરા ગામના ઘેર ઘેર જઈ સ્વચ્છતા સફાઈના સંદેશાઓ આપ્યા. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબ ગૃહમાતા વસંતી પરમાર અને સ્મીતા ગામીતની રાહબરી હેઠળ સંકુલ સાદરાની આજુબાજુના ગામડાઓમાં લોકજાગૃતિ કાર્ય હાથ ધરવામાં આવ્યું.

# રાણકી વાવ ઐતિહાસિક નજરાણું : ભારતના ભવ્ય વારસાના દર્શન થયા : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલી પાટણની રાણકી વાવની મુલાકાત લીધી હતી.

યુનેસ્કોએ જાહેર કરેલી વર્લ્ડ હેરિટેઝ સાઈટમાં સ્થાન પામેલી વિશ્વ વિરાસત પાટણની રાણકી વાવની મુલાકાત પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ વિરાસતમાં તાજેતરમાં સ્થાન મેળવેલા ધોળાવીરાની પણ ગત સપ્તાહે કચ્છમાં મુલાકાત લીધી હતી.

ભૂપેન્દ્ર પટેલે આ રાણકી વાવના ઐતિહાસિક ભવ્ય વારસાની પ્રશંસા કરતા વિઝીટર બુકમાં લખ્યુ કે આજે ઐતિહાસિક નજરાણું પાટણની રાણકીની વાવને નિહાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

ભારતની પ્રાચીન ભવ્યતાના દર્શન થયા છે તેનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી યુનેસ્કો દ્વારા રાણકી વાવને વૈશ્વિક ધરોહરનો દરજ્જો પ્રાપ્ત થયો છે આ આપણા સૌ માટે આનંદ અને



ગૌરવની વાત છે. આવનારા દિવસોમાં આવા વિરાસત સ્થાનોને યોગ્ય માન સન્માનથી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દિવ્ય અને ભવ્ય ભારતનું નિર્માણ થશે તેવી તેમણે કામના કરી હતી.

મુખ્યમંત્રીની આ મુલાકાત વેળા પ્રદેશ સંગઠનના મહામંત્રી રજનીભાઈ પટેલ, જિલ્લા સંગઠનના પ્રમુખ દશરથજી ઠાકોર, પ્રભારીશ્રી ગોવિંદભાઈ પટેલ તથા સંગઠનના બળવંતસિંહ રાજપૂત, નંદાજી ઠાકોર સહિતના અગ્રણીઓ, જિલ્લા કલેકટર સુપ્રીત સિંઘ ગુલાટી, જિલ્લા વિકાસ અધિકારી રમેશ મેરજા, જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વીડિયો વાયરલ કરી બદનામ કરનાર યુવકની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ સાઈબર ક્રાઈમ પોલીસે એક એવા આરોપીની ધરપકડ કરી છે. જે મહિલા મિત્ર સાથેના અંગત પળોના ફોટા અને વિડિયો યુવતીના પરિવારજનોને મોકલી બદનામ કરતો. પકડાયેલા આરોપીની પોલીસે રાણીપ વિસ્તારમાંથી ધરપકડ કરી છે. બનાવ અંગે નોંધાયેલ ફરિયાદની હકીકત એવી છે કે, યુવક યુવતી થોડાક વર્ષ પ્રેમ સંબંધમાં હતા જો કે બાદમાં યુવતી ઓસ્ટ્રેલિયા વધુ અભ્યાસ માટે ગઈ હતી. તે સમય દરમ્યાન બંને વચ્ચે ઝઘડાઓ થવા લાગ્યા. જેથી યુવતીએ યુવકને ફોનમાં બ્લોક કરી દેતા અદાવત અને દાઝ રાખીને આરોપી યુવકે યુવતીના પરિવારજનોને બંને વચ્ચેના શારીરિક સંબંધોના ફોટોગ્રાફ્સ તથા વિડીયો મોકલી બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આરોપીએ એવી માંગણી પણ કરી હતી કે, જો તેની ઈચ્છા નહીં કરે તો હજી બીજા અન્ય વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની પણ ચીમકી આપી હતી. જેના કારણે યુવતી અને તેના પરિવારના લોકો ગભરાયા હતા.

આરોપી યુવકની આ હકરતથી કંટાળીને યુવતીએ પરિવારજનોને સમગ્ર બનાવની જાણ કરી હતી. જે બાદમાં પરિવારજનો હિંમત આપતા યુવક વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી.

# ગુજરાત ટાઈટન્સે મેટાવર્સ પર લોન્ચ કર્યો પોતાનો લોગો

અમદાવાદ, તા.૨૦

IPL 2022ની સિઝનમાં ગુજરાત ટાઈટન્સની એન્ટ્રી થઈ ચૂકી છે. આઈપીએલ મેગા ઓકશનમાં પણ અનેક ખેલાડીઓને ઊંચી કિંમતે ખરીદીને ગુજરાત ટાઈટન્સની ટીમે અન્ય ટીમોને પ્રભાવિત કરી હતી. હવે આઈપીએલમાં સૌ પ્રથમ વખત મેટાવર્સ પર પોતાની ઉપસ્થિતિ નોંધાવનાર ગુજરાત ટાઈટન્સ આઈપીએલની સૌ પ્રથમ ટીમ બની ગઈ છે. રવિવારની સાંજે ગુજરાત ટાઈટન્સ દ્વારા પોતાની ટીમનો નવો લોગો મેટાવર્સ પર લોન્ચ કરવામાં આવ્યો હતો. ટીમના હેડ કોચ આશિષ નેહરા, કેપ્ટન હાર્દિક પંડ્યા અને બેટ્સમેન શુભમન ગિલ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. અને મેટાવર્સમાં ટાઈટન્સ ડગઆઉટમાં તેઓએ સૌ પ્રથમ સંવાદ પણ કર્યો હતો.

ગુજરાત ટાઈટન્સની ટીમ દ્વારા એક નિવેદન બહાર પાડીને જણાવવામાં આવ્યું છે કે, આ લોગોનો અર્થ સતત ઊંચાઈ પર પહોંચવું અને સફળતા હાંસલ કરવા માટે પ્રેરિત કરે છે. અને આ લોગોની ડિઝાઈનની પ્રેરણા પતંગ પરથી લેવામાં આવી છે. પતંગ આકાશમાં જેમ ઊંચે ઉડે છે તેવી જ રીતે ટીમ પણ આઈપીએલમાં નવી ઊંચાઈઓને હાંસલ કરશે. આ ઉપરાંત પતંગ ચગાવવા અને ઉત્તરાયણનું ગુજરાતમાં ખુબ જ મહત્વ છે અને તે સંસ્કૃતિનો એક ભાગ છે, ત્યારે ટાઈટન્સનો લોગો ગુજરાતની સંસ્કૃતિની ઝલક આપે છે. આ ઉપરાંત ટીમ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત ટાઈટન્સ દ્વારા યંગ અને એનર્જેટિક સ્કવોડ બનાવવામાં આવી છે.

# ભારતીય માછીમારોના અપહરણનો વિડીયો આવ્યો

## પાકિસ્તાન મરીન દ્વારા માછીમારોના અપહરણ : વિડીયોમાં દેખાય છે કે, પાકિસ્તાન મરીન દ્વારા ભારતીય જળ સીમામાં ઘૂસણખોરી કરવામાં આવી હતી

પોરબંદર, તા.૨૦

પાકિસ્તાન જમ્મુ-કાશ્મીર પચાવી પાડવા માગે છે એ વાત જગજાહેર છે. આ સિવાય પાકિસ્તાન મરીન દ્વારા ભારતીય જળ સીમામાંથી માછીમારોનું અપહરણ કરવામાં આવે છે એ વાત પણ છાની નથી. ત્યારે પાકિસ્તાન મરીન દ્વારા ભારતીય જળ સીમામાંથી ગુજરાતના માછીમારોનું અપહરણ કરવાનો એક વિડીયો સામે આવ્યો છે. વિડીયોમાં દેખાય છે કે, પાકિસ્તાન મરીન દ્વારા ભારતીય જળ સીમામાં ઘૂસણખોરી કરવામાં આવી હતી. બાદમાં ભારતીય માછીમારોનું અપહરણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ આખી ઘટના માછીમારી કરી રહેલાં એક માછીમારે પોતાના મોબાઈલમાં કેદ કરી હતી. બાદમાં આ વિડીયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયો હતો. વિડીયોમાં દેખાય છે કે, પાકિસ્તાન મરીનની બોટ જોઈને ભારતીય માછીમારોએ પોતાનો જીવ બચાવવા માટે પ્રયાસ કર્યો હતો. આ ઘટના પોરબંદરના દરિયાઈ વિસ્તાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મહત્વનું છે કે, તાજેતરમાં જ બીએસએફ દ્વારા પાકિસ્તાની માછીમારો અને બોટ કબજે કરવામાં આવી હતી. ભારતીય સીમામાં ઘૂસણખોરી કરી રહેલાં પાકિસ્તાની માછીમારોને બીએસએફએ ઝડપી પાડ્યા હતા. બીએસએફ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પોરબંદરના દરિયા કિનારામાં આવેલી ભારતીય જળ સીમામાંથી અવારનવાર ગુજરાતના માછીમારોનું પાકિસ્તાન દ્વારા અપહરણ કરવામાં આવતુ હોય છે. ભૂતકાળમાં આવી અનેક ઘટનાઓ બની ચૂકી છે. ત્યારે પાકિસ્તાન મરીન દ્વારા ભારતીય માછીમારોના અપહરણ કરવાની એક ઘટનાનો વિડીયો સામે આવ્યો છે. વિડિયોમાં દેખાય છે કે, માછીમારી કરવા ગયેલા ભારતીય માછીમારોનું પાકિસ્તાન મરીન દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતુ. પાકિસ્તાન મરીનને જોઈને ભારતીય માછીમારોએ પોતાનો જીવ બચાવવા માટે દોટ મૂકી હતી. વિડીયોમાં ભારતીય માછીમારોની બોટ સાથે પાકિસ્તાન મરીનની કેટલીક બોટ નજરે પડી રહી છે. જેઓ દ્વારા ભારતીય માછીમારોનું અપહરણ કરવામાં આવી રહ્યું છે.

મહત્વનું છે કે, બીએસએફએ ચલાવેલા સર્ચ ઓપરેશનમાં મોટી સફળતા મળી હતી.. બીએસએફએ કચ્છના હરામીનાળા વિસ્તારમાંથી ભારતીય જળ સીમામાં ઘૂસણખોરી કરી રહેલાં ૬ પાકિસ્તાની નાગરિકો સાથે ૧૧ બોટ પણ ઝડપી પાડી હતી. બીએસએફ દ્વારા સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પાકિસ્તાનની આ હરકત છતી થઈ હતી.

## કનુભાઈ દેસાઈ બજેટ.... ● છેલ્લા પાનાનું ચાલુ

તો સન ૧૯૮૦-૮૧નુ વર્ષ એવુ છે કે જે વર્ષ દરમ્યાન બે વખત લેખાનુદાન લેવામાં આવ્યુ હતુ. પાંચમી ગુજરાત વિધાનસભાનુ ૧૭-૨-૮૦ના રોજ વિસર્જન થતાં તે દિવસથી રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યુ હતુ. રાષ્ટ્રપતિ શાસન હોવાથી ગુજરાતનું અંદાજપત્ર સંસદમાં રજુ થયુ હતુ. પરંતુ ચૂંટણીને લક્ષમાં લઈને સંસદે ચાર મહિનાનું લેખાનુદાન રજુ કરવામાં આવ્યુ હતુ. મે માં સામાન્ય ચૂંટણીઓ થતાં ૨૦મી જુનથી સત્ર મળ્યુ ત્યારે વધુ બે માસનું લેખાનુદાન માટેનો પ્રસ્તાવ આપ્યો હતો.

● **બજેટ રજુ કર્યા પછી લેખાનુદાનનો પ્રસ્તાવ**

૧૯૮૮-૮૯નું અંદાજપત્ર નાણાંમંત્રીએ તા. ૧૫ ફેબ્રુઆરી ૮૮ ના રોજ ગૃહમાં રજુ કર્યુ હતુ તે પછી તેના ઉપર સામાન્ય ચર્ચા હાથ ધરવામાં આવે તે પહેલા નાણાંમંત્રીએ રાજ્યમાં પ્રવર્તતી દુષ્કાળની અસામાન્ય પરિસ્થિતિને લક્ષમાં લઈને ૨૨મી ફેબ્રુ.૧૯૮૮ના રોજ ચાર મહિના માટેનું લેખાનુદાન લેવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. અસામાન્ય સંજોગોને ધ્યાને રાખી પછી લેખાનુદાન પ્રસ્તાવ પસાર કરાયો હતો.

૧૯૯૪-૯૫ના વર્ષ માટેનું અંદાજપત્ર સભાગૃહમાં રજુ થયુ તે પછી મુખ્યમંત્રીનું અવસાન થતાં ઉભી થયેલી પરિસ્થિતિમાં સામાન્ય ચર્ચા પૂરી થયા બાદ અને માંગણીઓ પર ચર્ચા શરૂ થાય તે પહેલાં ચાર માસનું લેખાનુદાન મેળવવા માટેનો પ્રસ્તાવ રજુ કરાયો હતો.

૧૯૭૨માં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના ત્રીજા દિવસે નાણાંમંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો હતો. આ વેળાએ પોઈંટ ઓફ ઓર્ડર પણ ઉપસ્થિત કરાયો હતો. આ બાદ ૨૫-૮-૭૩ની અધિસૂચના બહાર પાડવામાં આવી હતી જેમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાને અંતે જવાબ આપવાનો અધિકાર સામાન્ય રીતે નાણાંમંત્રીશ્રીને રહેશે.

● **નિયમ-૪૪ હેઠળ અંદાજપત્રને અનુમોદન અપાયુ**

૧૯૮૫-૮૬માં ફેરફાર કરેલુ અંદાજપત્ર ૨જી જુલાઈ ૧૯૮૫ના રોજ ગૃહમાં રજુ કરેલુ તે અંદાજપત્રને આ નવી સરકારે અનુમોદન આપ્યુ છે અને અંદાજપત્ર રજુ કરતી વખતે અગાઉના નાણાંમંત્રીએ જે પ્રવચન કરેલુ અને સાથે જે દરખાસ્ત મુકી હતી તે પ્રવચન અને દરખાસ્તને નવી સરકારે અનુમોદન આપ્યુ છે. તે અંદાજપત્ર પર ચર્ચા ચાલુ રાખવામાં આવી હતી.

૧૯૯૪-૯૫ના રોજ અંદાજપત્રમાં પણ સરકાર બદલાતા ૧૪ ફેબ્રુઆરી ૧૯૯૪-૯૫નું અંદાજપત્ર સભાગૃહ સમક્ષ રજુ કર્યુ હતુ તે જ અંદાજપત્રને ૩-૩-૯૪ના રોજ નવી સરકારે અનુમોદન આપી તેના પર વિચારણા હાથ ધરવા નાણાંમંત્રીએ જણાવ્યુ હતુ.

● **અંદાજપત્ર ફૂટી જવાની ઘટનાનો બે વખત ઉલ્લેખ**

વિધાનસભામાં અંદાજપત્ર ફૂટી જવાની બે ઘટનાઓ છે. ૨૪-૨-૭૦ના રોજ માહિતીખાતાને અંદાજપત્ર પ્રવચનની વિગતો પ્રસિદ્ધિ અને પ્રચાર માટે અપાઈ ગઈ હોવાથી અંદાજપત્રની વિગતો ફૂટી છે તેવો પોઈંટ ઓફ ઓર્ડર રજુ થયો હતો પરંતુ તે મુદ્દો સ્વીકારવામાં આવ્યો ન હતો.

જ્યારે બીજો બનાવ ૨૪-૨-૮૩ ના રોજ કામગીરી અંદાજપત્રની નકલ રજુ કરીને અંદાજપત્ર ફૂટી ગયાનું કહી પોઈંટ ઓફ ઓર્ડર ઉભો કરાયો હતો. ૨૪-૩-૮૩ના રોજ અધ્યક્ષે આ અંગે નિર્ણય આપતાં કહ્યુ હતુ કે કામગીરી અંદાજપત્રને બજેટનો ભાગ ગણવામાં આવતો નથી અને તેથી બજેટ ફૂટી ગયુ છે તેમ કહી શકાય નહિ.

● **નાણાંમંત્રીના પ્રવચનમાં અંતરાયની એક ઘટના**

સામાન્યતઃ અંદાજપત્ર પરની રજુઆત ગૃહમાં કોઈપણ જાતના અંતરાય વિના સાંભળવામાં આવે છે. આમ છતાં ગુજરાત વિધાનસભાની કાર્યવાહીમાં નાણાંમંત્રીના પ્રવચન દરમ્યાન અંતરાયનો એક પ્રસંગ બનેલો છે. ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૧ના રોજ ૧૯૮૧-૮૨ના વર્ષ માટેનું અંદાજપત્ર નાણાંમંત્રીએ વાંચવાનું શરૂ કર્યુ કે તુરત જ વિપક્ષના નેતાએ ઉભા થઈને એક નિવેદન વાંચવાનું શરૂ કર્યુ હતુ. અધ્યક્ષે તેમને રોક્યા છતાં તેમણે નિવેદન વાંચવાનું ચાલુ રાખ્યુ હતુ. આથી અધ્યક્ષે વિપક્ષના નેતાનું નિવેદન ગૃહની કાર્યવાહીનો હિસ્સો ગણાશે નહિ તેવો નિર્ણય જાહેર કર્યો હતો. આ પછી વિપક્ષી સભ્યોએ રામધૂન શરૂ કરી હતી અને નાણામંત્રીના પ્રવચનનો પ્રથમ ભાગ પૂર્ણ થયો ત્યાં સુધી ધૂન ચાલુ રાખી હતી. તે પછી વિપક્ષ સભાત્યાગ કરી ગયો હતો. ત્યારબાદ નાણાંમંત્રીએ બીજો ભાગ વાંચી અંદાજપત્ર રજુ કર્યુ હતુ. આમ આ એક જ ઘટના ગૃહમાં બની છે.

## પહેલું કિરણ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

બસ, હવે ગુજરાતનો વારો છે. ઝડપથી માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટીની સ્થાપના થાય તે ઈચ્છનીય છે.

૧. માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટી પ્રજાકીય ધોરણે થાય તે જ ઉત્તમ. સરકારને બદલે જો ગુજરાતી ભાષકો, મા ગુર્જરીનાં સંતાનો, માતૃભાષા માટેનાં પોતાનાં આદર, પ્રેમ અને હેતથી પ્રેરાઈને આ વિશ્વવિદ્યાલય સ્થાપે તો તે વધારે શોભે અને સાર્થક થાય. ગુજરાત પ્રદેશનો પ્રત્યેક વિદ્યાર્થી, એમ કહો કે ગુજરાતી ભાષા બોલતો દરેક જણ માત્ર એક રૂપિયો આપીને પણ પોતાનો પ્રેમ વ્યક્ત કરી શકે.

૨. માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટી કોઈ શહેર કે નગરને બદલે ગામમાં થવી જોઈએ.

ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્રી ભાસ્કરભાઈ તન્ના કહે છે કે માતૃભાષા નામની યુનિવર્સિટીની રચના કરીને ગુજરાતી સહિત તમામ માતૃભાષા માટે ત્યાં કામ થવું જોઈએ.

અંગ્રેજી માધ્યમ સામે ગુજરાતી ભાષા હાંફી અને હારી રહી છે. તેનાં અનેક કારણો છે તેમાંનાં અનેક કારણો પૈકી માતૃભાષા ગુજરાતી અંગેની લોકોમાં ઓછી જાગૃતિ પણ એક કારણ છે. પોતાની માતૃભાષાની શક્તિ, તેનું વિત્ત, તેનું પોત, તેની પ્રતિભા આ બધાથી ગુજરાતીઓ અજાણ છે. માતૃભાષાથી વિમુખ થવાથી કેટલું મોટું નુકશાન થવાનું છે તેનો પણ તેમને અંદાજ નથી. જો માતૃભાષા યુનિવર્સિટી સ્થાપીને ગુજરાતી ભાષાની શક્તિને જાળવી રાખવામાં આવે તો ગુજરાતી પ્રજાને, ભવિષ્યમાં થનારા મોટા નુકશાનથી બચાવી શકાય તેમ છે. જો આ અંગે આપ કોઈ નક્કર સૂચન કરવા માગતા હોવ કે પછી આપ આ પ્રવૃત્તિમાં જોડાવા ઝંખતા હોવ તો મારો ૯૮૨૪૦૩૪૭૫ પર સંપર્ક કરી શકો છો.

# ગોગાપુરા ગામની પ્રાથમિક શાળામાં જિલ્લાનો પ્રથમ ગણિત મેળો યોજાયો

અઘરા ગણિત વિષયના બાળકોમાં ઘર કરી ગયેલા માનસિક કૃત્રિમ ડરને દૂર કરવા જિલ્લાની ગોગાપુરા પ્રાથમિક શાળામાં ગણિત મેળો યોજાયો હતો. જિલ્લાની પ્રાથમિક શાળામાં ગણિત મેળો પ્રથમ વખત યોજવામાં આવ્યો હોવાથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં જીજ્ઞાસા હતી તેમાં ગમ્મત સાથે ગણિત કેવી રીતે બાળકોને શિખવવામાં આવે તેની પ્રવૃત્તિઓ અને રમતોની બાળકો અને શિક્ષકોને જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓમાં માનસિક ઘર કરી ગયેલો ગણિત વિષય અઘરો જ હોય તેવી છાપને ભુંસવા માટે જિલ્લાના કલોલ તાલુકાની ગોગાપુરા પ્રાથમિક શાળાના શિક્ષિકા અંકિતાબેન પટેલ રમતો અને વિવિધ પ્રવૃત્તિઓથી બાળકોને ગણિત શિખવી રહ્યા છે ત્યારે ગણિત વિષયને લગતી રમતો અને પ્રવૃત્તિઓ શાળાના તેમજ આસપાસની શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જાણે તે માટે શાળાના આચાર્યની સંમતિથી ગણિત મેળો યોજવામાં આવ્યો હતો. તેમાં ટીએલએમની મદદથી બનાવેલી ગણિતની વિવિધ પ્રવૃત્તિઓ રજુ કરવામાં આવી હતી.